શહેરમાં ગરમીનો પારો વધવાનું એકમાત્ર કારણ વૃક્ષોનું નિકંદન

શહેરમાં ગરમીનો પારો હજી વધશે તેવી આગાહી

ગાંધીનગર, તા. ૯

શહેરભરમાં આ વખતે કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં આગામી ૧૪મી સુધીમાં ગરમીનો પારો ૪૬ ડીગ્રી સુધી પહોંચે તેવી આગાહી કરવામાં આવી રહી છે. તેથી નાગરિકોએ કામ વગર બહાર નીકળવું નહીં અને નાના બાળકો સહિત સિનિયર વ્યક્તિઓએ લીંબુ પાણી અને ગ્લુકોઝ વધારે પ્રમાણમાં સેવન કરવું હિતાવહ રહેશે. ત્યારે વાત કરીએ આ વર્ષે ગરમી આટલી બધી કેમ વર્ષી રહી છે ?

● પ્રિમોન્સુન એક્ટીવિટીનો અભાવ

દર વર્ષે ચોમાસાનું સત્તાવાર આગમન જૂન મહિનાના પ્રથમ સપ્તાહ આસપાસ થાય છે. પણ પ્રિમોન્સુન એક્ટીવિટી માર્ચના બીજા સપ્તાહથી મે મહિનાના ત્રીજા સપ્તાહ સુધી જોવા મળે છે. આવા કેસમાં ઉત્તર ભારતના ઠંડા પવન અને અરબ સમુદ્રના ગરમ પવનના કારણે મધ્ય ભારત ખાસ કરી મધ્યપ્રદેશ, વિદર્ભમાં વરસાદી તોફાન જોવા મળે છે. આ વર્ષે આવી એક પણ સીસ્ટમ ડેવલપ થઈ નથી. માત્ર રાજસ્થાનમાં એક દિવસ અને મધ્યપ્રદેશમાં એક દિવસ આવી સીસ્ટમ જોવા મળી હતી. પ્રિ-મોન્સુન સીસ્ટમ બને તો આસપાસના વિસ્તારમાં થોડી ઠંડી હવા જોવા મળે છે અને તેના પ્રભાવથી તાપમાન ઘટેલું જોવા મળે છે.

● ઉત્તર ભારતમાં ઠંડા પવનનો અભાવ

સામાન્ય રીતે પાકિસ્તાન અને ઉત્તર ભારત હિમાલય પર્વતમાળામાં વરસાદ કે ઠંડા પવનના તોફાન જોવા મળે છે. ઉત્તર ભારતથી મધ્ય ભારત સુધી આ ઠંડા પવનનો પ્રભાવ રહે છે અને તેના કારણે હવામાન સુકું રહે કે તાપમાન નીચુ રહે છે. આ વર્ષે ઠંડા પવન ઉભી કરતી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સીસ્ટમ ભાગ્યે જ જોવા મળી હોવાથી તેની અસર નહિવત છે અને તેના કારણે તાપમાન ઉંચુ જોવા મળી રહ્યુ છે.

● ગ્લોબલ વોર્મિંગ

ક્લાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની અસર ઠેર ઠેર જોવા મળી રહી છે. ઉદ્યોગો, પ્રદૂષણ, વન્ય સંપત્તિનું નિકંદન કાઢી નાખ્યું હોવાથી વધુ ને વધુ ગરમી જોવા મળી રહી છે.

● હવામાં ભેજ

દર વખતે ઉનાળા દરમિયાન હવામાનમાં ભેજનું પ્રમાણ ઘટે છે અને તેનાથી સૂકા હવામાનની અસર જોવા મળે છે. ઉત્તર ભારતના ઠંડા પવનના કારણે ભેજ ઘટેલો જોવા મળે છે. આ વર્ષે હવામાન સુકું છે કારણ કે ઉત્તર ભારતથી ઠંડા પવન ઓછા છે ઉંચા તાપમાન સાથે હવામાં ભેજ હોય તો પરસેવો ઓછો થાય છે.

● વૃક્ષોનું નિકંદન

ગરમી વધવાનું કારણ ગ્લોબલ વોર્મિંગ છે પરંતુ માત્ર આ એક જ કારણ નથી. શહેરીકરણનો પણ બહુ મોટો હાથ છે. ઈમારતોના નિર્માણ માટે વૃક્ષોની કાપણી એક બહુ મોટુ કારણ છે. અહીં સુધી કે જમીનનો બદલાતો ઉપયોગ પણ તાપમાન વૃદ્ધિનું કારણ છે. વૃક્ષો કાપીને શહેર વસાવવાના ચક્કરમાં હરિયાળી ઘટી રહી છે જેના કારણે હવે ગરમી પહેલા કરતા વધુ પડવા લાગી છે.

ગાંધીનગરમાં ગ્રીનરી ઓછી થઈ ગઈ છે જે વર્ષો પહેલા ગ્રીનરી હતી તેમાં ઘણો મોટો તફાવત જોવા મળી રહ્યો છે. જેમ જેમ વૃક્ષોનું નિકંદન થતું ગયું તેમ તેમ ગાંધીનગરમાં ગરમી વધતી ગઈ છે. શહેરમાં વૃક્ષોની જગ્યાએ ઈમારતોએ સ્થાન લઈ લીધું પરંતુ તેની સામે શહેર હવે ગરમીની મોસમમાં ધગધગતી ગરમીની આગમાં ફેરવાઈ ગયું છે. ક્લાઈમેટ ચેન્જની અસર વર્તાઈ રહી છે. અસહ્ય ગરમીથી બિમારીઓ થાય છે અને ગંભીર રીતે બિમાર વ્યક્તિ મૃત્યુ પણ પામે છે આ અગનવર્ષાથી બચવા માટે વૃક્ષો વાવવા ખૂબ જરૂરી છે. ક્લાઈમેટિક સાયકલમાં ફેરફાર એ માનવી માટે ખૂબ મુશ્કેલીઓ ઉભી કરશે તેથી દરેક માનવીએ જાગૃત થવું અનિવાર્ય છે.

ગંભીરતા વિનાનું હાસ્ય અને હાસ્ય વિનાની ગંભીરતા; બંને વ્યર્થ છે : શાહબુદ્દીન રાઠોડ

સમદર્શન આશ્રમમાં શ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડનું 'હસો, હસાવો અને હસી નાખો' વક્તવ્ય લોકોએ મનભરીને માણ્યુ : શાહબુદ્દીનભાઇને પ્રિય એવી હેટ પહેરાવીને બહુમાન કરાયું

ગાંધીનગર, તા. ૯

જાણીતા શિક્ષણવિદ, ફિલોસોફર, લેખક અને આંતરરાષ્ટ્રીય હ્યુમરિસ્ટ પદ્મશ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડ ગાંધીનગરના સમદર્શન આશ્રમ પધાર્યા હતા. સમદર્શન આશ્રમ દ્વારા રવિવારે સાંજે પદ્મશ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડે 'હસો, હસાવો અને હસી નાખો...' વિષય અંતર્ગત ચિંતન, મર્મ અને અધ્યાત્મથી ભરપુર હાસ્યસભર વક્તવ્ય આપ્યું હતું.

૧૩ વર્ષ સુધી સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં શિક્ષક તરીકે અને ૨૫ વર્ષ સુધી મુખ્ય શિક્ષક તરીકે સેવાઓ આપનાર પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ ૫૨ વર્ષથી હાસ્યના કાર્યક્રમો આપી રહ્યા છે. તેમણે શિક્ષણથી હાસ્યને ગંભીર બનાવ્યું, અને હાસ્યથી શિક્ષણને હળવું બનાવ્યું છે. ગત નવેમ્બર-૨૦૨૧માં જ ભારતના રાષ્ટ્રપતિના વરદ હસ્તે શ્રી શાહબુદ્દીન રાઠોડને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન બદલ 'પદ્મશ્રી' ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે.

'પદ્મશ્રી'નું સન્માન મેળવ્યા પછી પ્રથમ વખત ગાંધીનગર પધારેલા શ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડનું પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ સમગ્ર ગાંધીનગરના નાગરિકો વતીથી સાલ ઓઢાડીને તેમનું બહુમાન કર્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ વસ્ત્ર અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું અને સમદર્શન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ અધ્વર્યુએ શાહબુદ્દીનભાઇ રાઠોડને પ્રિય એવી એમની ઓળખ સમી હૅટ પહેરાવીને તેમનું બહુમાન કર્યું હતું.

વયની સાથે જેનામાં જ્ઞાન અને સમજણ વૃદ્ધિ પામે તે વૃદ્ધ અને સતત ઘરેડમાં જીવ્યા કરે એ ઘરડા. સૌરાષ્ટ્રમાં શબ્દપ્રયોગ થાય છે, 'અવસ્થા આંબી ગઈ'. તેનો અર્થ એ કે, માણસની ગતિ અને અવસ્થાની ગતિ બંને પેરેલલ હોય છે, પણ વયની સાથે જો તમારી ગતિ ધીમી પડશે તો અવસ્થા આંબી જશે. ૮૫ વર્ષની વયે રૂપિયા ૮૫ લાખની કિંમતી મોટરમાં ફરવા કરતાં પાંચ કિલોમીટર ચાલી શકવાની ત્રેવડ હોય તો તે વ્યક્તિ વધારે સુખી કહેવાશે. વ્યક્તિને વસ્તુ ખોવાય એની વેદના થતી હોય છે પણ વર્ષો ખોવાય એનું કાંઈ નહીં.

દરેક વ્યક્તિએ પોતાની હેસિયત પ્રમાણે પરાક્રમ કરવા જોઈએ. પૈસા મર્યાદા ઓળંગવાની સવલત કરી આપે છે અને વ્યક્તિ જેટલી મર્યાદા ઓળંગે એટલો એનો અહમ્ સંતોષાય છે. ''જ ઠ્ઠઠ્ઠઠ્ઠઅજ ઠ્ઠઠ્ઠઠ્ઠઠ્ઠ. આપણે આપણા 'આઈ' ને આડો પાડી દેવો જોઈએ તો એ ઈશ્વર તરફ જવાનો બ્રિજ બની જશે. 'આઈ' જેટલો મોટો હશે એટલો બ્રિજ મોટો બનશે.

પ્રવાસમાં જ્યારે ધર્મ ભળે ત્યારે તે યાત્રા કહેવાય છે, ભોજનમાં બ્રહ્માર્પણ ભળે તો તે પ્રસાદ થઈ જાય છે અને ઉજાગરામાં ધર્મ ભળે ત્યારે તે જાગરણ થઈ જાય છે. આપણી બહેનો કરે એ જાગરણ અને આપણે કરીએ કે ઉજાગરા.

પત્ની સાથેના વિવાદો ટાળવા માટે તેમણે પતિઓને શિખામણ આપતાં કહ્યું હતું કે, પત્ની જે કંઈ પણ કહેતા હોય તે ખૂબ ધીરજ ધરીને દસ મિનિટ હૈયા પર હાથ રાખીને સાંભળી લેવુ. ૧૨મી મિનિટે પત્ની પોતે જ પોતાની વાતનો વિરોધ કરવા માંડશે.પતિદેવોને વિનંતી કે પત્નીને ક્યારેય સમજવાનો પ્રયત્ન ના કરવો...એમને માત્ર પ્રેમ કરવો. અને બહેનોને વિનંતી કે પતિને પ્રેમ ઓછો કરશો તો ચાલશે પણ સમજવાનો પ્રયત્ન જરૂર કરજો. સમય, સ્થળ અને સ્વયંને સાહજિક રીતે ભૂલી જાવ ત્યારે એ મેડીટેશન બની જાય છે. વ્યક્તિ ખડખડાટ હસતો હોય છે ત્યારે વિચારો અટકી જાય છે. હાસ્યમાં નિર્વિકાર સ્વરૂપને સ્થાન છે. કરુણતાની ચરમસીમા આવે ત્યારે હાસ્ય નિષ્પન્ન થાય છે અને સુખ, સત્તા અને સંપત્તિની ચરમસીમા આવે ત્યારે અધ્યાત્મ શરૂ થાય છે. કઠોર પરિશ્રમ કરો. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જેની પાછળ તમે પાગલ થઈ જાવ એવો એક શોખ દરેક વ્યક્તિએ કેળવવો જોઈએ. સતત વક્તવ્ય આપી રહેલા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ વકતવ્ય આપતા સ્થળ, સમય અને સ્વયંને ભૂલી ગયા હતા. તેમણે કહ્યું કે, અનુભૂતિ જ અભિવ્યક્તિ હોય ત્યારે સહજપણે આવું થતું હોય છે. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ આશીર્વચન આપ્યા હતા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

'હસો, હસાવો અને હસી નાખો...' વક્તવ્યના મુખ્ય અંશો આ પ્રમાણે છે :

સત્યને અનુસરો તો કોઈને પણ અનુસરવાની આવશ્યકતા નથી, પણ જો અન્યને અનુસરશો તો સત્યને અનુસરવાનું ચૂકી જશો.

૫૨ વર્ષથી હું સ્ટેજ શું કરું છું, મેં પહેલાથી જ નક્કી કર્યું હતું કે, મર્યાદાનું સ્તર ઊંચામાં ઊંચું રાખવું. ગંભીરતા વિનાનું હાસ્ય અને હાસ્ય વગરની ગંભીરતા બંને વ્યર્થ છે.

હું જ્યા જાઉં ત્યાં લોકો મને પૂછે છે કે, તમારું નામ શાહબુદ્દીન છે અને અટક રાઠોડ, તો તમારી જાતી કહી...? હું કહું છું, નરજાતિ...

મારા એક મિત્રએ મને કહ્યું, 'તમે પત્નીને ઘરકામમાં મદદ કરો છો સારું કહેવાય...' મેં કહ્યું,' ના, મારા પત્ની મને ઘરકામમાં મદદ કરે છે.'

એક સદ્‌ગૃહસ્થ મને મળ્યા. મને કહે કે, મારે મારા નાણાં સારા કામમાં વાપરવા છે, શું કરું ? મેં કહ્યું, જેના ઉછીના લીધા છે તે બધાના પાછા આપી દો.

એક ચર્ચા દરમિયાન એક ભાઈએ મને પૂછ્યું કે, મગજ વિના કોઈ વ્યક્તિ કેટલું જીવી શકે ? મેં સહજતાથી જ જવાબ આપ્યો, 'આપની ઉંમર કેટલી થઈ એ મને નથી ખબર'.

જેનો વ્યવહાર શુદ્ધ તેનો ધર્મ શુધ્ધ.

વધસ્તંભ પર એક પશુને જોઈને ભગવાન બુદ્ધ દુઃખી થઈ ગયા. તેમણે બલિદાન આપવા તત્પર થયેલા વ્યક્તિને કહ્યું; આ પશુની જગ્યાએ મારું માથું વાઢી નાખો તો તમને વધારે પુણ્ય મળશે. એ પશુ અને ભગવાન બુદ્ધની અનુભૂતિ અને લાગણી એક થઈ ગઈ. અન્યની પીડાની અનુભૂતિ કરવી એનું જ નામ કરુણા.

અપેક્ષા વિનાનું સમર્પણ એટલે પ્રેમ.

સેરેબ્રલ પાલ્સી પીડિત ગાંધીનગરની હિના ત્રિવેદીની વધુ એક સિદ્ધિ

નવી દિલ્હીમાં આયોજિત સેરેબલ પાલ્સી નેશનલ ગેમ્સમાં ૨ સિલ્વર મેડલ્સ મેળવ્યાં : ૨૫ ખેલાડીઓની ગુજરાતની ટીમે પાંચ ગોલ્ડ સાથે કુલ ૧૭ મેડલ્સ મેળવ્યાં : દેશભરમાંથી ૧૪૦ દિવ્યાંગ ખેલાડીએ ભાગ લીધો હતો

ગાંધીનગર તા.૦૯

"કોશિષ કરનેવાલો કી કભી હાર નહિ હોતી, લહેરોં સે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિષ કરનેવાલો કી કભી હાર નહીં હોતી". આ ઉક્તિને ગાંધીનગરની દિવ્યાંગ દિકરી હીના ત્રિવેદીએ ફરી સાબિત કરી દેખાડી છે. તાજેતરમાં નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે સેરેબલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સેરેબ્રલ પાલ્સી એથ્લેટિક રમતોત્સવમાં હિના ત્રિવેદીએ પ્રશંસનીય પ્રદર્શન કરતા બે સિલ્વર મેડલ હાંસલ કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતની ટીમે આ રમતોત્સવમાં કુલ ૧૭ મેડલ્સ મેળવ્યા છે જેમાં પાંચ ગોલ્ડ પાંચ સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે તા.૪થી ૭ મે દરમ્યાન સેરેબલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા સેરેબલ પાલ્સી નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાના આ રમતોત્સવમાં દેશભરમાંથી કુલ ૧૪૦ દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સેરેબલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ગુજરાત દ્વારા રાજયના ૨૫ દિવ્યાંગ ખેલાડીઓની ટીમ મોકલવામાં આવી હતી જેમણે વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આ તમામ ખેલાડીઓ પૈકી ગાંધીનગરમાંથી સેક્ટર-૮માં રહેતી એકમાત્ર હિના ત્રિવેદીની પસંદગી થવા પામી હતી જેણે ગોળા ફેંક તથા ભાલાફેંકમાં પ્રશંસનીય પ્રદર્શન કરતાં બંને રમતોમાં સિલ્વર મેડલ્સ જીત્યાં હતા. હિના ત્રિવેદી સહિત સમગ્ર ગુજરાતની ટીમે આ રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું અને કુલ ૧૭ મેડલ્સ હાંસલ કર્યા હતાં જેમાં જેમાં પાંચ ગોલ્ડ પાંચ સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે હિના ત્રિવેદી અગાઉ ૨૦૧૮માં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પેન ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ ગેમ્સમાં પણ ભાગ લઈ ચૂકી છે.

આ ઉપરાંત બે વખત બિહારમાં અને એક વખત નડિયાદ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં ભાગ લઈને તેણે ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ્સ જીત્યાં હતા. ૨૦૧૯ના ખેલ મહાકુંભમાં પણ તેણે એક ગોલ્ડ મેડલ જીત્યો હતો. હિના ત્રિવેદીએ અગાઉ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ દ્વારા યોજવામાં આવેલી "કોરોના સામેની લડતમાં એક નાગરિક તરીકે મારું યોગદાન" વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

વેકેશનમાં મામાનું ઘર ભુલાયું : સમર કેમ્પના આયોજનોની ભરમાર

સમર કેમ્પમાં રચનાત્મક પ્રવૃતિઓ સાથે હવે એડવેન્ચર સ્પોર્ટ્સ અને પર્યાવરણને લગતી પ્રવૃતિઓનું પણ ચલણ વધ્યું : શહેરી વિસ્તારની સાથે ગ્રામ્ય વિસ્તારોના બાળકો પણ ભાગ લઇ રહ્યા છે

ગાંધીનગર, તા.૦૯

એક સમય હતો જ્યારે પહેલા વેકેશન પડે એટલે બાળકોને મામાનું ઘર યાદ આવી જતુ હતું અને હવે ચલણ સમર કેમ્પનું જોવા મળે છે. વેકેશનની શરૂઆત સાથે જ ગાંધીનગર શહેરમાં વિવિધ સમર કેમ્પના આયોજનો જોવા મળી રહ્યાં છે જેમાં લગભગ દરેક વયના નાના બાળકો માટે વિવિદ પ્રવૃતિઓ શીખવાડવાની લોભામણી ઓફરો હોય છે. જોકે કેટલાંક સમર કેમ્પ સ્વૈચ્છિક કે સેવભાવી સંસ્થાઓ દ્વારા આયોજિત કરાતા હોય છે જેમાં "નહીં નફો, નહીં નુકસાન"ના ધોરણે ટોકન ચાર્જ રાખવામાં આવે છે.

શાળાઓમાં વેકેશનની શરૂઆત સાથે જ ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમા સમર કેમ્પોની જાહેરાતોની ભરમાર જોઈને વાલીઓ પણ મુંઝવણમા મુકાઈ ગયા છે કે શું ખરેખર બાળક માટે સમર કેમ્પ જરૂરી છે કે નહીં? વેકેશનમાં પોતાના બાળકના વિકાસ માટે જ્ઞાન સાથે મનોરંજનના હેતુ સાથે ઈતર પ્રવૃતિઓ, રમતગમત અને રચનાત્મક પ્રવૃતિઓનો સમાવેશ કરાય છે. સમર કેમ્પ બાળક માટે નવી નવી પ્રવૃતિઓ શીખવાનું સરળ માધ્યમ ગણાય છે. ખાસ કરીને સમર કેમ્પમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ડ્રોઈંગ, ડાન્સિંગ, ડ્રામા એક્ટિંગ, પ્લેઈંગ, સિંગિંગ, ક્રાફ્ટિંગ શિખવાડવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક સમર કેમ્પમાં હવે તો પર્યાવરણ અને વિજ્ઞાનને લગતી પ્રવૃતિઓ સહિત પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ મોટિવેશન વગેરેનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. થોડાં મોટા બાળકો માટે નોર્મલ સ્પોર્ટ્સ ઉપરાંત ટ્રેકિંગ, રોક ક્લાઈમ્બિંગ, નેચર વોક જેવા એડવેન્ચર સ્પોર્ટ્સ સાથે બર્ડ વોચિંગ જેવી જ્ઞાનવર્ધક પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. મોટાભાગના સમર કેમ્પની મુદત પાંચ દિવસથી લઈને દસેક દિવસની જોવા મળે છે. શહેરમાં સમર કેમ્પમાં મોટી સંખ્યામાં સમર કેમ્પમાં ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ રહ્યાં છે. ગાંધીનગરના શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારોમા પણ હવે વાલીઓ પોતાના બાળકને સમર કેમ્પોમા મોકલી રહયા છે.

સમર કેમ્પમાં રચનાત્મક પ્રવૃતિઓ સાથે હવે એડવેન્ચર સ્પોર્ટ્સ અને પર્યાવરણને લગતી પ્રવૃતિઓનું પણ ચલણ વધ્યું

ગાંધીનગર, તા.૦૯

એક સમય હતો જ્યારે પહેલા વેકેશન પડે એટલે બાળકોને મામાનું ઘર યાદ આવી જતુ હતું અને હવે ચલણ સમર કેમ્પનું જોવા મળે છે. વેકેશનની શરૂઆત સાથે જ ગાંધીનગર શહેરમાં વિવિધ સમર કેમ્પના આયોજનો જોવા મળી રહ્યાં છે જેમાં લગભગ દરેક વયના નાના બાળકો માટે વિવિદ પ્રવૃતિઓ શીખવાડવાની લોભામણી ઓફરો હોય છે. જોકે કેટલાંક સમર કેમ્પ સ્વૈચ્છિક કે સેવભાવી સંસ્થાઓ દ્વારા આયોજિત કરાતા હોય છે જેમાં "નહીં નફો, નહીં નુકસાન"ના ધોરણે ટોકન ચાર્જ રાખવામાં આવે છે.

શાળાઓમાં વેકેશનની શરૂઆત સાથે જ ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમા સમર કેમ્પોની જાહેરાતોની ભરમાર જોઈને વાલીઓ પણ મુંઝવણમા મુકાઈ ગયા છે કે શું ખરેખર બાળક માટે સમર કેમ્પ જરૂરી છે કે નહીં? વેકેશનમાં પોતાના બાળકના વિકાસ માટે જ્ઞાન સાથે મનોરંજનના હેતુ સાથે ઈતર પ્રવૃતિઓ, રમતગમત અને રચનાત્મક પ્રવૃતિઓનો સમાવેશ કરાય છે. સમર કેમ્પ બાળક માટે નવી નવી પ્રવૃતિઓ શીખવાનું સરળ માધ્યમ ગણાય છે. ખાસ કરીને સમર કેમ્પમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ડ્રોઈંગ, ડાન્સિંગ, ડ્રામા એક્ટિંગ, પ્લેઈંગ, સિંગિંગ, ક્રાફ્ટિંગ શિખવાડવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક સમર કેમ્પમાં હવે તો પર્યાવરણ અને વિજ્ઞાનને લગતી પ્રવૃતિઓ સહિત પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ મોટિવેશન વગેરેનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. થોડાં મોટા બાળકો માટે નોર્મલ સ્પોર્ટ્સ ઉપરાંત ટ્રેકિંગ, રોક ક્લાઈમ્બિંગ, નેચર વોક જેવા એડવેન્ચર સ્પોર્ટ્સ સાથે બર્ડ વોચિંગ જેવી જ્ઞાનવર્ધક પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. મોટાભાગના સમર કેમ્પની મુદત પાંચ દિવસથી લઈને દસેક દિવસની જોવા મળે છે. શહેરમાં સમર કેમ્પમાં મોટી સંખ્યામાં સમર કેમ્પમાં ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ રહ્યાં છે. ગાંધીનગરના શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારોમા પણ હવે વાલીઓ પોતાના બાળકને સમર કેમ્પોમા મોકલી રહયા છે.